EDII

Standard herald

December 23, 2021

# ઈડીઆઈઆઈએ ઉદ્યોગ સાહસિકતાનાં ક્ષેત્રની ગતિશીલતા પર અભ્યાસ રજૂ કર્યો

અમદાવાદ, ધ ગ્લોબલ આંતરપ્રિન્યોરશિપ મોનિટર સર્વે દુનિયામાં ઉદ્યોગસાહસિકતાના ક્ષેત્રમાં થતી ગતિશીલતાનો સૌથી મોટો વાર્ષિક અભ્યાસ છે. આંતરપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા અમદાવાદે નેશનલ ટીમ લીડર તરીકે અને રિપોર્ટના મુખ્ય લેખક તરીકે ઈડીઆઈના ડિરેક્ટર જનરલ ડો. સુનિલ શુક્લા સાથે ય્ઈસ્ ઈન્ડિયા સર્વે હાથ ધર્યો હતો.

ધ **GEM** ઈન્ડિયા ૨૦૨૦-૨૧ રિપોર્ટ તાજેતરમાં બહાર પડ્યો હતો, જેમાં ભારતીયો વચ્ચે ઉદ્યોગસાહસિકતાના ચાવીરૂપ પાસાં સમજાવવામાં આવ્યાં છે. આ માટે ભારતીય ઉદ્યોગસાહસિકોના અભિગમો, કામગીરીઓ અને આકાંક્ષાઓને ધ્યાનમાં લેવામાં આવી છે. રિપોર્ટના તારણો નીતિનિર્માતાઓને વર્તમાન અને સંભવિત નીતિઓની સમીક્ષા કરવા માટે પાયો પૂરો પાડે છે. આ રિપોર્ટમાં ૩,૩૧૭ પુખ્તો અને રાષ્ટ્રીય સ્તરના નિષ્ણાતોના સેમ્પલ સર્વેનો ઉપયોગ થયો છે.

આંતરપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા દ્વારા હાથ ધરવામાં આવેલા ઉદ્યોગસાહસિકતા પરના રાષ્ટ્રવ્યાપી સર્વમાં જાણકારી મળી છે કે, કોવિડ-૧૯ મહામારીને કારણે મુશ્કેલીઓ ઊભી થઈ હોવા છતાં ૮૨ ટકા લોકો વ્યવસાય શરૂ કરવાની સારી તક હોવાનું માને છે. ધ ગ્લોબલ આંતરપ્રિન્યોરશિપ મોનિટર રિપોર્ટ ૨૦૨૦-૨૧ પણ જણાવે છે કે, ૮૨ ટકા યુવાનો માને છે કે, તેઓ વ્યવસાય શરૂ કરવા પર્યાપ્ત કુશળતાઓ અને જાણકારી ધરાવે છે. ૪૭ અર્થતંત્રોમાંથી ભારત સંબંધિત તકો માટે ત્રીજું સ્થાન ધરાવે છે.